# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-01-2026** **Evening : 6.00 to 6.10 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેચરાજીના ચંદનકી ગામની અનોખી ભોજન પરંપરાનો ઉલ્લેખ કર્યો
2) 77મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે દેશને સંબોધિત કરશે
3) દેશના 54 લોકોની પદ્મશ્રી પુરસ્કાર માટે પસંદગી - ગુજરાતનાં ત્રણ લોકોનો સમાવેશ
4) નૈતિક મતદાન અને જાગૃતિના સંકલ્પ સાથે રાજ્ય સહિત દેશભરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી.
5) ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે ત્રીજો ટી20 મુકાબલો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉદ્યોગ અને સાહસ સાથે સંકળાયેલા યુવાનોને ગુણવત્તા પર ભાર મૂકવા વિનંતી કરી. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો વ્યક્ત કરતા શ્રી મોદીએ કહ્યું કે , ભારતનું અર્થતંત્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને ભારત પર વિશ્વની નજર છે. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત થતી દરેક વસ્તુની ગુણવત્તા સુધારવા માટે સંકલ્પ લેવા હાકલ કરી. શ્રી મોદીએ રાજ્યના બેચરાજીના ચંદનકી ગામની અનોખી પરંપરાનો ઉલ્લેખ કર્યો જ્યાં આખા ગામ માટે ભોજન સામૂહિક રસોડામાં રાંધવામાં આવે છે અને લોકો સાથે બેસીને જમવા બેસે છે.

(બાઇટ : PM-MODI-ON-COMMUNITY-KITCHEN)

રાષ્ટ્રીય મતદાતા દિવસ પર શ્રી મોદીએ કહ્યું કે, મતદાતા લોકશાહીનો આત્મા છે. જ્યારે પણ કોઈ યુવાન પહેલી વાર મતદાર બને છે, ત્યારે સમગ્ર વિસ્તાર, ગામ કે શહેરે તેને અભિનંદન આપવા જોઈએ.

. . . . . .

# PREZ - ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 77મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ દેશને સંબોધિત કરશે. આ સંબોધન હમણાં 7 વાગ્યાથી આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત થશે અને દૂરદર્શનની બધી ચેનલો પર હિન્દીમાં પ્રસારિત થશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનું પ્રસારણ અને દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવશે.

આકાશવાણી રાત્રે 9.30 વાગ્યાથી તેના પ્રાદેશિક નેટવર્ક પર પ્રાદેશિક ભાષાના સંસ્કરણોનું પ્રસારણ કરશે. ઉલ્લેખનીય છે કે આવતીકાલે દેશભરમાં દેશભક્તિના માહોલમાં 77મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાશે.

. . . . . . . .

# PREZ NATIONAL VOTERS DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું , મતદાન એ માત્ર રાજકીય અભિવ્યક્તિ નથી પરંતુ દેશની લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં નાગરિકોના વિશ્વાસનું પ્રતિબિંબ છે. નવી દિલ્હીમાં આજે રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ , ચૂંટણી વ્યવસ્થાપન, મતદાતા જાગૃતિ અને આદર્શ આચારસંહિતાનો અમલ સહિત વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠ ચૂંટણી પુરસ્કારો પ્રદાન કર્યા.

ચૂંટણીમાં ટેકનોલોજીના અસરકારક ઉપયોગ માટે બિહારમાં પૂર્વ ચંપારણ , કેરળમાં કાસરગોડ અને તમિલનાડુમાં તંજાવુરને શ્રેષ્ઠ ચૂંટણી જિલ્લા પુરસ્કાર અપાયા. ઓડિશામાં નુઆપાડા , મેઘાલયમાં પૂર્વ ખાસી ટેકરીઓ અને બિહારમાં પૂર્ણિયાને ચૂંટણી વ્યવસ્થાપન અને પરિવહન શ્રેણીમાં પુરસ્કારો એનાયત કર્યા. જ્યારે બિહારમાં પટના , ગુજરાતના બોટાદ અને કેરળમાં વાયનાડને નવીન મતદાતા જાગૃતિ પહેલ શ્રેણીમાં પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા.

. . . .

# MATDATA DIVAS

રાજ્ય સહિત દેશભરમાં આજે  રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી થઈ રહી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા કલેકટર કચેરી હિંમતનગર ખાતે કલેકટર લલિત નારાયણ સિંઘ સાંદુની ઉપસ્થિતિમાં ૧૬ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ હતી.

ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવવાનો હેતુ રાખવામાં આવ્યો હતો.

ડાંગના આહવા ખાતે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ ખાંટના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અંતર્ગત નવા મતદારોને ચૂંટણી ઓળખ કાર્ડ અપાયા અને મતદાર જાગૃતિ અને ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ કામગીરી બદલ BLO તથા ERO અધિકારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભાવનગર જિલ્લામાં  SIR  માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ શ્રી આર.એસ. ચૌહાણનું સન્માન કરાયું

મોરબી જિલ્લામાં જે. એ. પટેલ મહિલા કોલેજ ખાતે મતદાતા દિવસની ઉજવણી અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારી-કર્મચારીઓનું સન્માન કરાયું હતું

તાપી જિલ્લામાં  મતાધિકાર અંગે જાગૃતિ કેળવાય અને નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થાય તેવા ઉદ્દેશ સાથે જિલ્લા કક્ષાએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................

# CM VAV THARAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વાવ થરાદ જિલ્લાના દુધવા ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ- GIDC દ્વારા 99 એકર જમીનમાં નિર્માણ થનારી ઔદ્યોગિક વસાહતનું ભૂમિપૂજન કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું , GIDCના નિર્માણથી નવા જિલ્લાના વિકાસને વેગ મળશે.

શ્રી પટેલે ઉમેર્યું , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2003માં વાયબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરાવી, જેના પરિણામે આજે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો- MSME એક લાખ 68 હજારથી વધીને 27 લાખથી વધુ થયા છે.

અગાઉ શ્રી પટેલે થરાદ ખાતે અંદાજે 70 કરોડના ખર્ચે 39 એકરના વિસ્તારમાં નિર્માણ થનારા જિલ્લા સેવા સદનનું પણ ભૂમિપૂજન કર્યું હતું.

. . . . . . . . .

# SURAT SANGHVI

સુરતના કોસંબામાં પીપી સવાણી યુનિવર્સિટી ખાતે દક્ષિણ ગુજરાતનો સૌથી ઊંચો તિરંગો લહેરાવાયો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 45 મીટરની ઊંચાઈ આ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો. આ પ્રસંગે તેમણે જણાવ્યું , આ તિરંગો દક્ષિણ ગુજરાત માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

. . . .

# REV. PADMA AWARDS

કેન્દ્ર સરકારે પદ્મશ્રી પુરસ્કાર માટે 54 લોકોની પસંદગી કરી છે. પદ્મશ્રી પુરસ્કાર વિજેતાઓની યાદીમાં પશ્ચિમ બંગાળના છ વ્યક્તિઓનો સમાવેશ થાય છે , ત્યારબાદ તમિલનાડુના પાંચ અને ઉત્તર પ્રદેશ તથા મહારાષ્ટ્રના ચાર-ચાર લોકો પુરસ્કાર વિજેતા છે.

ગુજરાતનાં ત્રણ નાગરિકોને પણ પદ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે જેમાં કલા ક્ષેત્રે ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યા અને મીર હાજીભાઈ કાસમભાઈને જ્યારે નરેશ માલદેલવાલાને સામાજિક કાર્યમાં પદ્મશ્રી જાહેર કરાયો છે.

. . . . . . . .

# PATIL NAVSARI

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલે આજે નવસારી જિલ્લાના ચીખલીમાં નવનિર્મિત એસટી બસ સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ તેઓ નવસારીમાં યોજાયેલા ફ્લાવર શોમાં પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે શ્રી પાટીલે કહ્યું, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને જમશેદજી ટાટા સહિત અનેક મહાનુભાવોની પ્રતિમાઓ અહીં ફૂલોથી બનાવવામાં આવી છે , જેનાથી જીવંત વાતાવરણ સર્જાયું છે.

(બાઈટ - સી.આર. પાટીલ)

નવસારી મહાનગરપાલિકા બન્યા બાદ પહેલી વાર, નવસારીને તેના ફ્લાવર શો માટે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. નવસારીનું નામ 95 હજારથી વધુ ફૂલોથી શણગારવામાં આવ્યું હતું.

. . . .

# TAPI PARISAMVAD

તાપી જિલ્લાના ઉકાઈ ખાતે ત્રણ દિવસીય ‘રાષ્ટ્રીય મત્સ્ય પરીસંવાદ-2026’નો આજથી આરંભ થયો. રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતએ આ પરિસંવાદનું ઉદ્ઘાટન કર્યું. જેમાં 20 રાજ્યોના 180 પ્રતિનિધિઓ સહભાગી થયા. આ પરીસંવાદમાં માછલી ઉછેરની આધુનિક પદ્ધતિઓ , મત્સ્ય પેદાશોમાંથી વાનગીઓનું નિર્માણ , પેકેજિંગ, માર્કેટિંગ અને FSSAI લાયસન્સ જેવી ટેકનિકલ બાબતો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપશે.

આ પ્રસંગે મંત્રી શ્રી ગામીતે જણાવ્યું કે , ઉકાઈ ડેમ વિસ્તારના જનજાતિ માછીમારોના સર્વાંગી વિકાસ માટે સરકાર વિશેષ પ્રોજેક્ટ્સ લાવવામાં આવશે.

. . . . . . .

# SURENDRENAGAR SIR

તાજેતરમાં પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડનું નામ મતદાર યાદીમાંથી કમી કરવા અંગે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે સુરેન્દ્રનગરના નાયબ ચૂંટણી અધિકારીએ સ્પષ્ટતા કરી છે. સુદીપ શાહે જણાવ્યું કે , માત્ર કોઈ વ્યક્તિ દ્વારા ફોર્મ રજૂ કરી દેવાથી કોઈ પણ મતદારનું નામ આપોઆપ કમી થઈ જતું નથી. કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ નામ કમી કરવા અંગે અંતિમ નિર્ણય લેવામાં આવે છે.

(બાઈટ: સુદીપ શાહ,નાયબ ચૂંટણી અધિકારી)

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં ફરી એકવાર હાડ થીજવતી ઠંડીએ જોર પકડ્યું છે. ત્રણ શહેરોમાં તાપમાનનો પારો 10 ડિગ્રી કરતા નીચે નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં પોરબંદરમાં 9 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી નીચું તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજકોટમાં 9.2 ડિગ્રી, અમરેલીમાં 9.4 ડિગ્રી, ભુજમાં 10 ડિગ્રી, અને નલિયામાં 10.4 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. આગામી બે થી ત્રણ દિવસ સુધી મિશ્ર ઋતુનો અનુભવ થવાની શક્યતા છે.

. . . .

# KUTCH GHUSHANKHOR

કચ્છ જિલ્લાના ખાવડા વિસ્તારમાંથી BSFએ પાકિસ્તાની ઘુસણખોરને ઝડપી લીધો છે. ખાવડા વિસ્તારની સરહદે પેટ્રોલિંગ કરી રહેલા BSFના જવાનોને પીલર નંબર 1076 અને 1077 પાસે ગતિવિધિ દેખાઈ હતી. જેથી સ્થળ પર તપાસ કરતા આ ઘુસણખોર ઝડપાયો હતો.

પ્રાથમિક તપાસમાં આ વ્યક્તિ માનસિક અસ્થિર હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસ માટે તેને ભુજ સંયુક્ત પૂછપરછ કેન્દ્રમાં મોકલાયો છે.

. . . . .

# CRICKET- T20

ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રીજો ટી 20 મુકાબલો આજે ગુવાહાટીના બારસાપારા સ્થિત એસીએ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે. પાંચ મેચની શ્રેણીમાં ભારત 2-0થી આગળ છે અને શ્રેણી જીતવાના ઈરાદા સાથે આજે ભારતીય ટીમ મેદાનમાં ઉતરશે.

. . . . . .